# વલસાડના PHCને CHCમાં અપગ્રેડ કરાશે

**કપરાડા** તાલુકાના દુર્ગમ ટુકવાડા, દહીંખેડ ઉપરાંત ધરમપુરના હનમતમાળનો સમાવેશ

**સ્થાનિક** સ્તરે અત્યાધુનિક તબીબી સુવિધાઓ ઉપલબ્ધ થશે







વલસાડ : વલસાડ જીલ્લાના અંતરિયાળ અને દુર્ગમ કપરાડા તાલુકાના ટુકવાડા અને દહીંખેડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને અપગ્રેડ કરી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તબદીલ કરાશે. જેના પગલે સ્થાનિક સ્તરે ઉચ્ચસ્તરની અત્યાધુનિક તબીબી સુવિધાઓ ઉપલબ્ધ થશે. ઉપરાંત ધરમપુર તાલુકાના હનમતમાળ, પી.એચ.સી.ને પણ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં અપગ્રેડ કરાશે. ઉમરગામના સંજાણ પી.એચ.સી.ને પણ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં અપગ્રેડ કરવા, અંબાચમાં સબ સેન્ટર શરૂ કરવા દરખાસ્ત કરાશે. આ અપગ્રેડ કરાયેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને અન્ય સ્થળે શરૂ કરાશે. જેથી તે વિસ્તારોમાં પણ તબીબી સુવિધા મળી શકશે. વલસાડ ખાતે કપરાડા તાલુકાના વડોલી બેઠકના જિ. પં. સભ્ય અને આરોગ્ય સમિતિ અધ્યક્ષ રેણુકાબેન ઉદારની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલી બેઠકમાં ઉપરોક્ત નિર્ણય લેવાયો હતો. ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ વધુ સુઘડ અને ઝડપી બનાવવા, જૂના જર્જરિત દવાખાનાઓને તોડી નવા બનાવવા સહિતના મુદ્દાઓની ચર્ચાઓ કરાઈ હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

### PHC અને CHC વચ્ચે આ તફાવત હોય છે

| પ્રાયમરી હેલ્થ સેન્ટર | કોમ્યુનિટી હેલ્થ સેન્ટર |
|---|---|
| પ્રાથમિક સ્તર સારવાર | દ્વિતીય સ્તર સારવાર |
| વસ્તી ૨૦,૦૦૦ થી ૩૦,૦૦૦ | વસ્તી ૮૦,૦૦૦ થી ૧,૨૦,૦૦૦ |
| સબ-સેન્ટર પરથી દર્દીઓ અહીં આવે છે | ૪ થી ૫ PHC ના દર્દીઓ અહીં રિફર કરવામાં આવે છે |
| ૧ સામાન્ય તબીબી અધિકારી | ૪ નિષ્ણાત ડોક્ટરો |
| ૪ થી ૬ બેડ | ૩૦ કે તેથી વધુ બેડ |

### સી.એચ.સી.માં શું સુવિધાઓ મળશે

સુપરિન્ટેડન્ટ, નિષ્ણાત તબીબો, ઇમરજન્સી સારવાર વિભાગ, મહિલા સારવાર પ્રસુતિ વિભાગ, બાળરોગ વિભાગ, લેબોરેટરી, એક્સરે, બેડની વધુ સંખ્યા, અત્યાધુનિક તબીબી સાધનો.

### આરોગ્ય સેવા વધુ ઝડપી બનાવવાનું આયોજન

ઇન્ચાર્જ સી.ડી.એચ.ઓ. ડો.સિંઘે જણાવ્યું કે, આરોગ્ય સેવા વધુ ઝડપી અને સુઘડ બનાવવા, લોકોને ત્વરિત તબીબી સુવિધા મળે તે પ્રકારે આયોજન કરાયું છે. સાથે જિલ્લાના કપરાડા તાલુકાના 2 અને ધરમપુર તાલુકાના 1 પી.એચ. સી.ને સી.એચ.સી.માં અપગ્રેડ કરાશે જેની મંજૂરી મળી ગઈ છે, જ્યારે એક પી.એચ.સી, સબ સેન્ટર માટે દરખાસ્ત કરાશે.

# વલસાડમાં સીઝનલ ફ્લૂના ૪ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ એલર્ટ

**વલસાડમાં** 2 કેસ, 1 કપરાડા અને 1 કેસ ઉમરગામમાં નોંધાયા

**વલસાડ** સિવિલમાં વિશેષ સ્વાઈન ફ્લૂ વોર્ડ ઉભો કરાયો

### ક્યાં કેટલા કેસ

વલસાડ જિલ્લામાં સઝનલ ફ્લૂના નોંધાયેલા કેસોમાં કપરાડા તાલુકામાં 21 વર્ષનો યુવાન, ઉમરગામ તાલુકામાં 3 વર્ષની બાળકી, વલસાડ તાલુકા વલસાડ શહેરમાં 28 વર્ષ યુવાન, વલસાડ શહેરમાં 17 વર્ષની યુવતીનો સમાવેશ થાય છે.

### 5 વર્ષના કેસ

2022માં 22 કેસ 1 મોત, 2023માં 1 કેસ, 2024માં 4 કેસ, 2025માં 0 કેસ, 2026 - 4 કેસ( સપ્ટેમ્બર સુધી)

વલસાડ : વલસાડ જિલ્લામાં સીઝનલ ફ્લૂના ૪ નવા કેસો નોંધાતાની સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે સઘન આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરી દેવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, નોંધાયેલા કુલ ૪ કેસો પૈકી ૨ કેસ એકલા વલસાડ શહેરમાં, ૧ કેસ કપરાડા તાલુકામાં અને ૧ કેસ ઉમરગામ તાલુકામાંથી સામે આવ્યો છે. સ્વાઈન ફ્લૂ અને સીઝનલ ફ્લૂના વાયરસને ફેલાતો અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને વિશેષ સાવચેત રહેવા તેમજ શરદી, ખાંસી કે તાવ જેવા પ્રાથમિક લક્ષણો જણાય તો ત્વરિત નિષ્ણાત તબીબી સારવાર લેવા માટે ઉન્નત આહવાન કરવામાં આવ્યું છે.

આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, શિયાળા અને ઉનાળાની સંધિકાળ જેવું બદલાતું જઈ રહેલું વાતાવરણ વાયરસના વિકાસ માટે અનુકૂળ બનતા રોગોએ માથું ઉચક્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વલસાડ જિલ્લામાં સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવાઈ છે જેથી દર્દીઓને શોધી શકાય.

રોગચાળા સામે પહોંચી વળવા માટે વલસાડની સિવિલ હોસ્પિટલ ખાતે એક વિશેષ સ્વાઈન ફ્લૂ વોર્ડ પણ સંપૂર્ણપણે તૈયાર કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, જિલ્લાના તમામ સરકારી દવાખાનાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો પર ફરજ બજાવતા તબીબો તેમજ પેરામેડિકલ કર્મચારીઓને વિશેષ તાલીમ આપવામાં આવી છે. દર્દીઓની સારવારમાં કોઈ અડચણ ન સર્જાય તે માટે હોસ્પિટલોમાં જરૂરી તમામ જીવરક્ષક અને એન્ટિવાઇરલ દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવી દેવાયો છે.

# સત્તાના દુરુપયોગ બદલ નંદાવલાના સરપંચને દૂર કરવાનો હુકમ કરાયો

**સરકારી** જમીન પર દબાણ કરી દુકાન બનાવ્યાનો આક્ષેપ

**ડીડીઓએ** ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ કરી કાર્યવાહી

વલસાડ : વલસાડ તાલુકાના નંદાવલા ગ્રામ પંચાયતના સરપંચ અજયભાઈ નવીનભાઈ પટેલને પોતાની સત્તાના દૂરઉપયોગ બદલ જિલ્લા વિકાસ અધિકારીએ સરપંચના હોદ્દા ઉપરથી દૂર કરતો હુકમ કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ, અરજદાર મેહુલ નાથાભાઈ પટેલ (રહે.નંદાવલા)એ સરપંચે સરકારી જમીન ઉપર પોતાના ફાયદા માટે દબાણ કરી સત્તાનો દૂર ઉપયોગ કરી ફેબ્રિકેશનની દુકાન બનાવતા સરપંચ પદ ઉપરથી દૂર કરવા બાબતની તારીખ વગરની અરજી જિલ્લા પંચાયત વલસાડને કરી હતી.

આ મુદ્દે તાલુકા વિકાસ અધિકારી વલસાડને તપાસ સોંપવામાં આવી હતી. આ મુદ્દે સરપંચને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી હતી અને ખુલાસો મંગાવવામાં આવ્યો હતો. તાલુકા વિકાસ અધિકારીની તપાસમાં સરપંચ દ્વારા નંદાવલા ગામે સરકારી પડતર જમીન ઉપર કોઇપણ પ્રકારની મંજૂરી વિના ફેબ્રિકેશન માટે દુકાન ખોલવામાં આવી હતી. જેને હાલે દૂર કરવામાં આવી છે. આ સમગ્ર મુદ્દે સરપંચ દ્વારા ખુલાસાઓ કર્યો હતો, ઉપરાંત તેમને તાલુકા પંચાયત ખાતે રૂબરૂ સુનાવણી માટે પણ બોલાવવામાં આવ્યા હતા જ્યાં સરપંચે પોતાનો પક્ષ રજૂ કર્યો હતો.

ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારીની તપાસ અને તપાસ રિપોર્ટ બાદ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચાપલોતે ગુજરાત પંચાયત અધિનિયમ 1993ની કલમ 57(1) અન્વયે તેમને મળેલ સત્તાની રૂએ સરપંચ અજયભાઈ નવીનભાઈ પટેલને પોતાની સત્તાનો દુરુપયોગ કરવા બદલ સરપંચના હોદ્દા ઉપરથી દૂર કરવાનો હુકમ કર્યો હતો. આદેશમાં આ હુકમની જાણ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદ્દતની અંદર વિકાસ કમિશનર કચેરીએ અપીલ કરી શકશે.

# ચીખલી એપીએમસીની ચૂંટણીમાં રેકોર્ડ બ્રેક ૯૮.૦૯ ટકા મતદાન

**ભાજપ** અને કોંગ્રેસ સમર્પિત પેનલના ૨૦ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી એપીએમસીમાં ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ૯૮.૦૯ ટકા રેકોર્ડ બ્રેક મતદાન સાથે ભાજપ અને કોંગ્રેસ સમર્પિત પેનલના ૨૦ જેટલા ઉમેદવારોનુ ભાવિ મતપેટીમાં સીલ થયુ હતુ.

આજે ગુરુવારે સવારે ૯ વાગ્યે એપીએમસી ખાતે મત ગણતરી હાથ ધરવામાં આવશે. ચીખલી ખેતીઉત્પન્ન બજાર સમિતિ (APMC) ની સામાન્ય ચૂંટણીમાં મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. બુધવારે યોજાયેલી આ ચૂંટણીમાં કુલ ૩૬૭ નોંધાયેલા મતદારોમાંથી ૩૬૦ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ સાથે જ ૯૮.૦૯ ટકા જેટલું જંગી મતદાન નોંધાયું છે. સાંજે ૫:૦૦ વાગ્યે મતદાન પ્રક્રિયા પૂર્ણ થતાં જ ૨૦ ઉમેદવારોનું રાજકીય ભાવી મતપેટીમાં સીલ થઈ ગયું હતું ભાજપ અને કોંગ્રેસ સમર્થિત જ પેનલના આગેવાનો દ્વારા જીતના દવા કરવામાં આવ્યા છે.

જે આજે સવારે ૯ વાગ્યે મતગણતરી બાદ જ સાચી હકીકત બહાર આવશે.

ઉલ્લેખનીય છે કે ચીખલી APMC ની કુલ ૧૪ બેઠકો માટે આ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જે પૈકી વેપારી વિભાગની ૪ બેઠકો માટે ફોર્મ ખેંચવાના દિવસે જ ભાજપ સમર્થિત 'સહકાર પેનલ'ના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. જેથી ભાજપ સમર્થિત જૂથે ચૂંટણી પહેલા જ ૪ બેઠકો પર પોતાનો કબજો જમાવીને મજબૂત શરૂઆત કરી દીધી હતી.

# મનરેગામાં કામ કર્યું, વેતનની હજુ રાહ

**નવસારી** તાલુકામાં મનરેગાના શ્રમિકોની ૨૨ દિવસની મજૂરીની રકમ બાકી રહેતા રોષ

નવસારી : મનરેગા યોજના હેઠળ કામ કરનારા નવસારી તાલુકાના કેટલાક ગામોના શ્રમિકોને વેતન મળવામાં વિલંબ થતાં તેમણે સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરી છે. શ્રમિકોના જણાવ્યા મુજબ તળાવ ઊંડા કરવા, પાળ બાંધવા સહિતના વિવિધ કામોમાં તેમણે જૂન મહિનામાં કામગીરી કરી હતી. જેમાં શરૂઆતના સાત દિવસનું વેતન મળ્યું હોવાનું જણાવાઈ રહ્યું છે, જ્યારે ત્યારબાદના આશરે ૨૨ દિવસના કામની રકમ હજુ ખાતામાં જમા થવાની બાકી છે.

શ્રમિકોના જણાવ્યા અનુસાર જૂન બાદ જુલાઈ અને ઓગસ્ટ મહિના પસાર થઈ ગયા હોવા છતાં બાકી વેતનની ચુકવણી થઈ નથી. રોજિંદી આવક પર નિર્ભર પરિવારો માટે મજૂરીની રકમ સમયસર મળે તે મહત્વપૂર્ણ હોવાથી શ્રમિકોએ બાકી મહેનતાણું વહેલી તકે મળે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે.

આ અંગે શ્રમિકોએ ગ્રામ પંચાયત તથા સરપંચ સમક્ષ રજૂઆત કરી હતી. વેતનની ચુકવણીની પ્રક્રિયામાં કોઈ વહીવટી કારણસર વિલંબ થયો હોય તો તેનું નિરાકરણ કરી બાકી રકમ શક્ય તેટલી વહેલી તકે ખાતામાં જમા થાય તેવી માંગ કરવામાં આવી છે.

મનરેગા યોજના હેઠળ ગ્રામ્ય પરિવારોને નાણાકીય વર્ષ દરમિયાન ૧૦૦ દિવસ સુધી અકુશળ રોજગારી ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ છે.

# પારડીમાં વિદ્યાર્થી સાથે 1.82 લાખની ઠગાઈ

**ટાસ્ક** પૂરા કરાવવાના નામે નાણાં પડાવ્યા

**સાયબર** હેલ્પલાઈન પર ફરિયાદ અને સાવચેતી

પારડી : સોશિયલ મીડિયાના માધ્યમથી ઘરે બેઠા કમાણી કરવાની લાલચ આપી નાગરિકોને જાળમાં ફસાવતા સાયબર ક્રાઈમનો વધુ એક કિસ્સો પારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રકાશમાં આવ્યો છે. અહીં રહેતા ૨૦ વર્ષીય વિદ્યાર્થી સાથે રૂપિયા ૧,૮૨,૪૬૯ ની ઠગાઈ થતાં પોલીસ ચોપડે ગુનો નોંધાયો છે. પારડી તાલુકાના ટુકવાડામાં રહેતા અને વાપીની કોલેજમાં બી.કોમ. બીજા વર્ષમાં અભ્યાસ કરતા ૨૦ વર્ષીય વિદ્યાર્થી દિપુ સિંહ ઈન્સ્ટાગ્રામ પર વીડિયો જોઈ રહ્યા હતા, ત્યારે જીઓ માર્ટના નામે 'વર્ક ફ્રોમ હોમ'ની જાહેરાત જોઈને તેમણે આપેલી લિંક પર નોંધણી કરી હતી.

અજાણ્યા ઠગોએ વોટ્સએપ અને ટેલિગ્રામ દ્વારા સંપર્ક કરી શરૂઆતમાં નાની રકમનું રિચાર્જ કરાવી વિશ્વાસ જીતવા માટે બોનસ પરત આપ્યું હતું. બાદમાં ઠગોએ અલગ-અલગ યુપીઆઈ આઈડી (UPI ID) પર મોટી રકમો ટ્રાન્સફર કરાવતા કુલ રૂપિયા ૧,૮૨,૪૬૯ ની રકમ ટ્રાન્સફર થઈ હતી. જ્યારે પીડિત વિદ્યાર્થીએ પોતાના નાણાં પરત ખેંચવાનો પ્રયાસ કર્યો, ત્યારે નાણાં વિડ્રો થયા નહોતા અને વધુ નાણાં ભરવાનું કહેવામાં આવતા છેતરપિંડી થયાનો અહેસાસ થયો હતો. પીડિતે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પારડી પોલીસ સ્ટેશને અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સોશિયલ મીડિયા પર મળતી 'વર્ક ફ્રોમ હોમ' કે પાર્ટ-ટાઈમ જોબની જાહેરાતો પર આંધળો વિશ્વાસ ન રાખવો જોઈએ. કોઈપણ અજાણ્યા ક્યૂઆર કોડ કે યુપીઆઈ આઈડી પર પૈસા ટ્રાન્સફર કરતા પહેલા હંમેશાં ચકાસણી કરવી જરૂરી છે.

# સાપુતારામાં ઝીપ લાઈન એક્ટિવિટીમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચારના આક્ષેપ

**સુરક્ષા** સામે જોખમ અને ટેન્ડર પ્રક્રિયા પર સવાલ

**આગામી** સમયમાં કાયદાકીય પગલાંની ચીમકી આપી કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું

સાપુતારા : પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ સાપુતારા ખાતે તળાવ નજીક ચાલી રહેલી 'ઝીપ લાઈન એક્ટિવિટી'માં ગંભીર ગેરરીતિઓ, ભ્રષ્ટાચાર અને જાહેર સુરક્ષાના નિયમોના સરેઆમ ભંગ અંગે સ્થાનિક અરજદાર મનીષભાઈ મારકણા દ્વારા ડાંગ જિલ્લા કલેક્ટરને વિગતવાર આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, અગાઉ પાયલોટ પ્રોજેક્ટ સફળ રહ્યા હોવા છતાં, કોઈપણ પ્રકારની જાહેર સ્પર્ધાત્મક ઈ-ટેન્ડર પ્રક્રિયા કે વર્તમાનપત્રોમાં જાહેરાત આપ્યા વિના એક જ ચોક્કસ ખાનગી એજન્સીને સીધો લાભ પહોંચાડવાના હેતુથી આ કામગીરી સોંપી દેવામાં આવી છે.

આર.ટી.આઈ. (RTI) હેઠળ માહિતી માંગવા છતાં એજન્સીના પૂર્વ અનુભવ કે તકનીકી યોગ્યતા સંબંધિત કોઈ માન્ય પ્રમાણપત્રો રજૂ કરવામાં આવ્યા નથી, જેનાથી જવાબદાર અધિકારીઓની ભૂમિકા સામે ગંભીર શંકાઓ ઊભી થઈ છે. તળાવની મધ્યમાંથી પસાર થતી ઝીપ લાઈન એક જોખમી એડવેન્ચર સ્પોર્ટ હોવાથી તેમાં આંતરરાષ્ટ્રીય સેફ્ટી સ્ટાન્ડર્ડ્સ, ટેકનિકલ સ્ટેબિલિટી, સેફ્ટી ગિયર્સ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અનિવાર્ય છે. બિનઅનુભવી એજન્સી દ્વારા કામગીરી થવાના કારણે પર્યટકોની સુરક્ષા જોખમમાં મુકાઈ છે. ખુલ્લું ટેન્ડર બહાર ન પાડવાથી રાજ્યની તિજોરીને પણ મોટું આર્થિક નુકસાન થયું હોવાનો આક્ષેપ કરાયો છે.

અરજદાર દ્વારા માંગણી કરવામાં આવી છે કે આ અનધિકૃત પ્રોજેક્ટ પર તાત્કાલિક સ્ટે ઓર્ડર આપવામાં આવે, વર્ક ઓર્ડરની ફાઈલની નિષ્પક્ષ કમિટી દ્વારા ઉચ્ચ સ્તરીય તપાસ થાય અને દોષિત અધિકારીઓ સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવે. જો આગામી ૧૫ દિવસમાં યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે, તો આ મામલે વિજિલન્સ કમિશન (ગાંધીનગર), ગુજરાત પ્રવાસન નિગમ અને ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# ખેરગામ-ગણદેવીમાં ગ્રામસેવકોએ આંદોલનની શરૂઆત કરી

**સાત** દિવસના અલ્ટિમેટમ છતાં પ્રશ્નો ન ઉકેલાતા કાળી પટ્ટી ધારણ કરી વિરોધ


કેરસી બારીયા

બીલીમોરા, ખેરગામ : નવસારી જિલ્લા ગ્રામસેવક મંડળ દ્વારા ગ્રામસેવકોની વિવિધ માંગણીઓના ઉકેલ માટે સરકારને સાત દિવસનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું. આ સમયમર્યાદા પૂર્ણ થવા છતાં પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ ન આવતાં મહામંડળના આહવાન પર આંદોલનની શરૂઆત કરાઈ છે. બુધવારે ગણદેવી તાલુકા સહિત નવસારી જિલ્લાના તમામ ગ્રામસેવકોએ કાળી પટ્ટી ધારણ કરીને રોષ વ્યક્ત કર્યો હતો. ગ્રામસેવકોની મુખ્ય માંગણીઓમાં અન્ય કેડરની કામગીરી તેમના નક્કી થયેલા જોબ ચાર્ટ મુજબ તે સંવર્ગના કર્મચારીઓ જ કરે અને ગ્રામસેવકો પર બિનઅધિકૃત કામ સોંપવાનું દબાણ ન કરાય. ઉપરાંત, ગ્રામસેવકો માટે નવો જોબ ચાર્ટ તાત્કાલિક જાહેર કરવો, રૂ. ૪૨૦૦નો ગ્રેડ પે આપી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવું. ગ્રામસેવક મંડળના આગેવાનોએ જણાવ્યું છે કે, માંગણીઓનો સરકાર દ્વારા ઉકેલ લાવવામાં આવે. જો નિર્ણય લેવામાં નહીં આવે તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

### ઇન્ટરનેટ એલાઉન્સ આપવાની માંગ પણ કરાઈ

ડિજિટલ કામગીરી માટે કમ્પ્યુટર, લેપટોપ કે અન્ય ડિવાઈસ પૂરા પાડવા અને સાથે ઇન્ટરનેટ એલાઉન્સ આપવાની માંગ પણ કરાઈ છે. ગ્રામસેવકો પાસે એકથી વધુ ગામોનો ચાર્જ હોવાથી કામગીરીનું ભારણ વધ્યું છે, જેથી ટ્રાવેલિંગ એલાઉન્સમાં વધારો કરવા રજૂઆત થઈ છે.

# કુરેલમાં યુવકનો અગમ્ય કારણોસર આપઘાત

નવસારીઃ નવસારી તાલુકાના કુરેલ ગામના નદી ફળિયામાં ૪૦ વર્ષીય યુવકે પોતાના ઘરે અગમ્ય કારણોસર જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના સામે આવતાં સ્થાનિક વિસ્તારમાં ચકચાર મચી હતી. મજૂરીકામ કરતા સંજયભાઈ દિનેશભાઈ હળપતિ ૮ સપ્ટેમ્બરના રોજ સવારે ૮થી બપોરે ૧૨:૩૦ વાગ્યાની વચ્ચે ઘરે એકલા હતા ત્યારે આ ઘટના બની હતી. બનાવની જાણ તેમના પત્ની હેમાબેનને થતાં તેમણે નવસારી રૂરલ પોલીસને જાણ કરી હતી.

પોલીસે ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. યુવકે કયા સંજોગોમાં આ પગલું ભર્યું તે અંગે હાલ કોઈ સ્પષ્ટ કારણ સામે આવ્યું નથી.

**શાકભાજી વેચવા જતી મહિલાનું ટ્રેન અડફેટે કરુણ મોત**

# બીલીમોરા રેલવે અંડરપાસ બંધ રહેવાની સમસ્યા જીવલેણ

**ઓવરબ્રિજના** લાંબા ચકરાવાથી બચવા રેલવે ટ્રેક ઓળંગવાનું જોખમ જીવલેણ સાબિત થયું


કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરામાં દોઢ મહિનો વીતી ગયો હોવા છતાં, રેલવે અંડરપાસ હજુ ખુલ્લો કરવામાં આવ્યો નથી. અંડરપાસ બંધ હોવાને કારણે પૂર્વ અને પશ્ચિમ વિસ્તાર વચ્ચે અવરજવર માટે લોકોને લાંબો ચકરાવો કાપવો પડે છે. આ પરિસ્થિતિ વચ્ચે સોમવારે સાંજે રેલવે ટ્રેક ઓળંગીને ખાડા માર્કેટમાં શાકભાજી વેચવા જઈ રહેલી એક મહિલાનું ટ્રેન અડફેટે મોત નીપજતાં પાલિકાની બેદરકારી સામે સવાલો ઊભા થયા છે.

ચીખલી તાલુકાના વંકાલ ગામના મોખા ફળિયામાં રહેતા જયાબેન પટેલ (ઉં.વ. ૫૪) સોમવારે સાંજે શાકભાજી વેચવા માટે બીલીમોરા આવ્યા હતા. પૂર્વ વિસ્તારથી પશ્ચિમ સ્થિત ખાડા શાકભાજી માર્કેટમાં જવા માટે તેઓ શાકભાજીનો ટોપલો લઈને નીકળ્યા હતા. પરંતુ ડેપો સામેનો રેલવે અંડરપાસ બંધ હોવાથી તેમને ઓવરબ્રિજ તરફ જવું પડે તેમ હતું.

સોમવારે જયાબેને પણ ખાડા માર્કેટ પહોંચવા માટે રેલવે ટ્રેક ઓળંગવાનો માર્ગ પસંદ કર્યો હતો.

દરમિયાન તેઓ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૧ ના ઉત્તર છેડા તરફ પહોંચ્યા ત્યારે, રાણકપુર એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી જતા ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે બલીમોરા રેલવે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

### નાગરિકોમાં ભારે રોષ અને તંત્રની લાપરવાહી

બીલીમોરા શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતો આ અંડરપાસ સ્થાનિક લોકો માટે લાઈફલાઈન સમાન છે. સમયસર અંડરપાસની સફાઈ અને જરૂરી કામગીરી કરવામાં આવી હોત તો આ દુર્ઘટના ટળી શકી હોત. આ ગંભીર બનાવ બાદ નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.